# પક્ષી ગીત



Scanned by CamScanner




# પક્ષી ગીત



## પોપટ મીઠું મીઠું બોલે

પોપટ પાંજરામાં મીઠું મીઠું બોલે
એને સાંભળીને દિલ અમારું ડોલે
પોપટ...
લીલો લીલો રંગ એનો લીલો લીલો રંગ (૨)
રાતી રાતી ચાંચ કાળો કાંઠલાનો રંગ
પોપટ...
પેરું ખાય, મરચાં ખાય, ગોરસ આંબલી ખાય
સીતારામ, સીતારામ બોલતો જાય
પોપટ...
શોભે એની પૂંછડી ને શોભે એની પાંખો
પટ પટ થાય એની ગોળ ગોળ આંખો
પોપટ...



## કેવા સુંદર વાહ રે વાહ

ઓ પોપટ ચકલા પારેવાં (૨)
કેવા સુંદર વાહ રે વાહ
તમે ઊંચે આભમાં ઊડી શકો
તમે ખીણને ડૂંગરા કૂદી શકો
તમે ઝાડે ઝાડે ઝૂલી શકો
ઓ કમળ, કેસર, કેસૂડા
કેવાં સુંદર વાહ રે વાહ
તમે જન્મ્યા ત્યારથી સુંવાળા
તમે અંગે અંગે રૂપાળાં
ઓ છેલ છબીલા છોગાળા કેવા...
તમે કલરવ કલરવ કંઈ કરતાં
તમે ચોમાસે નવાં રૂપ ધરતાં
ઓ માનવ કેરા મન હરતાં
ઓ પોપટ ચકલા પારેવાં
કેવા...





## પોપટ મારો ભાઈ છે

પોપટ મારો ભાઈ છે
લીલો પીળો લાગે છે
મારી વાડીમાં આવે છે
જાંબુ ખાય મરચાં ખાય છે
નાળિયેર પાણી પીવે છે
સીતા રામ બોલે છે.




## મારું નામ છે પોપટભાઈ

ચાંચ છે રાતી, કાંઠલો કાળો, પાંખ છે મારી લીલી,
લીમડા ડાળે માળો મારો (૨) ખાવાને લીંબોળી
મારું નામ છે પોપટભાઈ...
કદીક બોર ને કદીક જાંબુ કદીક દાડમ કળી
કદીક કાચી -પાકી કેરી (૨) ખાવાને મને મળે
મારું નામ છે પોપટભાઈ...
સીતા રામનું નામ તો મારે લેવું સાંજ સવાર
પૂરશો ના મને પાંજરે બાપુ (૨) પગે લાગી કહું
મારું નામ છે પોપટભાઈ...




Scanned by CamScanner



# પક્ષી ગીત






## લીમડાની ડાળીએ લીલા પોપટ

લીમડાની ડાળીએ લીલા પોપટ
લીંબોળી ખાય છે કટ કટ કટ
લીમડાની... (૨)
ડાળીએ બેસતાં ડાળીએ ઝૂલતાં(૨)
ઊંચે ઊંચે દોડતા ઝટ ઝટ ઝટ
લીમડાની... (૨)
વાંકી લાલ ચાંચ છે કેવી મજાની (૨)
મધુરું એ બોલતા મીઠી વાણી (૨)
આંખોને કરતા પટ પટ પટ
લીમડાની... (૨)
વન વન ભમતા ફળ-ફૂલ ખાતા (૨)
ટોળામાં બેસીને મધૂર એ ગાતા (૨)
પાંખોએ કરતાં કટ કટ કટ
લીમડાની... (૨)

## ફુલણજી કાગડો


એક હતો કાગ, તેણે જોઈ લાગ
પૂરી લીધી તાણી, ડોશી પીતી પાણી
ઊડી બેઠો ઝાડે, ચારે ગામ ભાળે
ડાળ પર હીંચે, શિયાળ આવે નીચે
કાગ મુખ મીઠી, પૂરી એણે દીઠી
બોલે કાગ રાણા, તમે ખૂબ શાણા
ગાઓ એક ગાણું, કંઠ મીઠો જાણું
કાગ ગયો ફુલાઈ, પૂરી ગઈ ભૂલાઈ
ગીત ગાવા મીઠું, મુખ પહોળું કીધું
પૂરી ગઈ પડી, શિયાળ ગયું ગળી.



## સીતારામ સીતારામ બોલે

મારા આંગણામાં પોપટ મીઠું બોલે
સીતારામ સીતારામ ધીમું બોલે.
ગળે કાળો છે કાંઠલો ને લીલો છે રંગ,
એની વાંકી ચાંચલડીનો લાલ લાલ રંગ.
એતો હીંચકે બેસીને ઝૂલા ઝૂલે,
સીતારામ સીતારામ ધીમું બોલે.
એને પેરું ભાવે ને લીલા મરચાં એ ખાય,
એને ખાતાં જોઈને મારું મનડું હરખાય.
એતો મસ્તીમાં આવીને થે થે ડોલે,
સીતારામ સીતારામ ધીમું બોલે.

## કલબલિયા છે કાબર બેન



કલબલિયા છે કલબલિયા
કાબરબેન કલબલિયા
ઝાડે ઝાડે ઊડતાં ફરતાં
કાબરબેન કલબલિયા કલબલિયા.
આંખે પીળી કોર છે,
પગ એના પીળા છે,
પીળા રંગની ચાંચ છે,
ખૂબ છે મોજીલાં,
જાત જાતના અવાજ કરતાં,
કાબરબેન કલબલિયા કલબલિયા...
માળો બાંધે ભીંતમાં,
છાપરાની નીચે,
માથાને ડોલાવતાં,
આંખો કેવી મીંચે
વહેલા જાગે કલબલ કરતાં
કાબરબેન કલબલિયા કલબલિયા...
જમે ત્યારે જોડે બેસી કટ કટ એવું બોલે
વડલાના ટેટાઓ ખાતાં ડાળે બેસી ડોલે
ઊડે ત્યારે અવાજ કરતાં
કાબરબેન કલબલિયા

કલબલિયા...







૩૦-૧૨-૦૫

Scanned by CamScanner



# પક્ષી ગીત



## એક કબૂતર નાનું

એક કબૂતર નાનું એને બહુ ગમે ઊડવાનું
એ ઊડયું છાનું માનું (૨)
તો કબૂતરના પપ્પા બોલ્યા ઘૂ ઘૂ ઘૂ ..
એક કબૂતર...
કહે કબૂતર ગાઉં આભે ઊડવા જાઉં
તળાવમાં જઈને ન્હાય
તો કબૂતરના કાકા બોલ્યા ઘૂ ઘૂ ઘૂ ..
એક કબૂતર...
કબૂતર રોતું રોતું,
મમ્મી સામે જોતું ઘૂ ઘૂ ઘૂ ..
તો કબૂતરનાં મમ્મી બોલ્યાં
એક કબૂતર...

## બે કબૂતરોની જોડી

આવે દોડી દોડી બે કબૂતરોની જોડી
કબૂતરો આકાશમાં ઊડે છે સાથમાં
ઊડીને આવે મારે આંગણિયે
કોઈ રે'તું કૂવામાં, કોઈ રે'તું ખોરડે
કોઈ મંદિરના ઘુમ્મટમાં, કોઈ મારે ઓરડે
કોઈ કાળાં મેશ જેવાં, કોઈ તો સફેદ .. ઊડીને...
ગળાને ફુલાવી એ તો ઘૂ..ઘૂ... એવું બોલે છે
સાથે નાનાં બચ્ચાં ચીં ચીં બોલે છે
સાથે આવે ચણવા, સાથે ઊડી જાય.. ઊડીને...
કોઈની આંખ લાલ છે કોઈની આંખ કાળી છે
કબૂતરોની ભોળી જાત બહુ રે સુંવાળી છે
એ બધું ધાન ખાય, કદી રેતી ખાય.. ઊડીને...

## કબૂતર ઘૂ ઘૂ ઘૂ કર


આવ કબૂતર ઘૂ ઘૂ ઘૂ કર
ચણ નાખું ચારો તું ચર
ચકીબેનને લાવજે, મોરને બોલાવજે,
જો ના આવે કાગડો, કાઢે મોટો રાગડો
ભમરો કરશે ગુન ગુન ગુન,
મોર નાચે થન થન થન,
આવશે પોપટ - મેના,
ગીત ગાશે અલબેલાં,
કોયલ આવે પડે મજા,
આજે અમારે છે રજા
જલસો મોટો જામશે,
બાપુજી તો ગામ છે
ના કોઈનાં બંધન છે
ચોખા -ચોખા ચંદન છે
ખાવા સૌને ખાવા દઈશ
પીવા પાણી તાજા દઈશ
ના કોઈને લેવાની રજા
ખાઈ પીને કરીશું મજા...



## ધોળાં ધોળાં બગલા



ધોળાં ધોળાં બગલાં તમે કયાં ચાલ્યાં ?
અમે બાગ-બગીચે જઈએ (૨)
ફૂલ ને પાંદડાં ચૂંટી લઈએ (૨)
એવા ધોળાં ધોળાં અમે બગલાં છીએ
ધોળાં ધોળાં બગલાં તમે કયાં ચાલ્યાં ?
અમે નદી તળાવે જઈએ (૨)
ઝટપટ માછલાં વીણી લઈએ
એવા ધોળાં ધોળાં અમે બગલાં છીએ






Scanned by CamScanner



# પક્ષી ગીત



## એક જ ડાળનાં પંખી

એક જ ડાળનાં પંખી અમે સૌ
એક જ ડાળનાં પંખી (૨)
વિહરીયે કદી આભમાં ઊંચે
ઊડી ઊડી કદી આવીએ નીચે
કિલ્લોલ કરતાં રહેતાં ઊમંગી
એક જ ડાળનાં...
સુખ ને દુઃખમાં સાથે જ રહીએ
લડતાં વઢતાં કદી જુદા જ ન થઈએ
તોયે નિરંતર રહેતાં સંપી
એક જ ડાળનાં...
ધરતીને ખોળે બાળ અમે સૌ
કરીએ કુદરત ગાન અમે સૌ
જીવન કેરા પ્રવાસના પંથી
એક જ ડાળનાં...

## કહે રે બેન

કહે રે બેન કહે રે બેન તને શું થવાનું ગમે ?
તને મોર થવાનું ગમે ? ના રે ના (૨)
મોર કળા કરી નાચે છે
તેથી મોર થવાનું નહિ ગમે, નહિ ગમે
તને કોયલ થવાનું ગમે ? ના રે ના (૨)
કોયલનો કંઠ મીઠો છે પણ અંગે કાળી છે
તેથી કોયલ થવાનું નહિ ગમે
તને પવન થવાનું ગમે ? ના રે ના (૨)
એ મીઠી સુગંધ લાવે છે
પણ છાની વાતો સંભળાવે છે
તેથી પવન થવાનું નહિ ગમે, નહિ ગમે
તને સૈનિક થવાનું ગમે ? હા રે હા (૨)
એ તો સૈનિક થવાથી માતૃભૂમિની રક્ષા કરાય
તેથી સૈનિક થવાનું બહુ ગમે, બહુ ગમે...



## પંખીની વણઝાર

પંખીની વણઝાર અમારી પંખીની વણઝાર...
વિધવિધ રંગી વિધવિધ બોલી
માળામાં રહેનાર અમારી પંખીની વણઝાર...
મોર પોપટ ને નાની ચકલી
કાગ કબૂતર હંસલા હંસલી
તેતર સમળી કોયલ બુલબુલ
હોલા હોલી બગલા બગલી
પાણીમાં તરનાર અમારી પંખીની વણજાર...
નિશદિન ઊડતી રમતી ફરતી
જાતી દરિયા પાર
ઘડીક અહીં ને ઘડીક તહીં તે
ઊડતી ઊડતી વારંવાર
અમારી પંખીની વણજાર...


## મારી વાડીમાં કોયલડી

મારી વાડીમાં કોયલડી બોલે છે
મારા ભૈયાને હતે હિંચોળે છે.. મારી...
ટહૂક.. ટહૂક.. ટહૂકે.. બોલે છે
એના ટહૂકારે દિલડું ડોલે છે.. મારી...
રંગે કાળી ને છે કામણગારી
ચિત્ત ચોરી ને ગીતડાં ગાનારી.. મારી...
ઘેરી ઘેરી ઘટામાં ઘૂમે છે
મીઠી મીઠી મંજરીઓ ચૂમે છે.. મારી...
મોર મેના પોપટ પંખીડાં
રોજ રમવાને કોયલ આવે છે.. મારી...
એ તો વસંતની વાલી બેની
ગાતી ઓવારણાં લેતી.. મારી...



# પક્ષી ગીત

## ચોકમાં દાણાં નાખ્યાં છે




આવો પારેવાં, આવો ને ચકલાં
ચોકમાં દાણાં નાખ્યાં છે
આવો પોપટજી, મેનાને લાવજો
ચોકમાં દાણાં નાખ્યાં છે
આવો કાબરબાઇ, કલબલ ના કરશો
ચોકમાં દાણાં નાખ્યાં છે
બંટી ને બાજરો, ચોખા ને બાવટો
ચોકમાં દાણાં નાખ્યાં છે
ધોળી છે જાર ને , ઘઉં છે રાતડાં
ચોકમાં દાણાં નાખ્યાં છે
નિરાંતે ખાજો , નિરાંતે ખૂંદજો
ચોકમાં દાણાં નાખ્યાં છે
બિલ્લી નહીં આવે, કૂતરો નહીં આવે
ચોકમાં દાણાં નાખ્યાં છે
ચક ચક કરજો ને કટ કટ કરજો
ચોકમાં દાણાં નાખ્યાં છે

## દે ને તું પાંખ મને તારી



દે ને તું પાંખ મને તારી (૨)
ઊંચે ઊંચે આભલામાં ચાંદાના તેજમાં
ઓલ્યા તારલાની સાથ મારે રમવું
દેને તું....
વગડાની વાટમાં ને ડુંગરાની ધારમાં
પેલાં ફૂલડાંની સાથ મારે હસવું
દેને તું....
નદીઓનાં નીર જોયાં સાગરનાં પૂર જોવાં
ઓલી વાદળીની સાથ મારે ફરવું.
દેને તું....
જોવાં છે કોતરો જોવાં છે ખેતરો
પેલા વાયરાની સાથ મારે ઊડવું
દેને તું....

## છનનનન છૂમ છૂમ




છનનનન છૂમ છૂમ છનનનન.. છૂમ છૂમ
રૂમઝૂમ આવો, નૃત્ય કરીએ હળીમળી
આંગણિયામાં કોણ કોણ નાચે ?
ચકલી નાચે, પોપટ નાચે
કળા કરી મોરલિયો નાચે
સાથે મયુરી લળી લળી
છ ન ન ન....
આંગણિયામાં કોણ કોણ નાચે ?
રાધા નાચે, નટવર નાચે
ગોપ અને ગોપીઓ નાચે
અંગ મરોડે લળી લળી
છ ન ન ન...

## નવી જાતનું સરઘસ જાય

ચાલો જોવા (૨) નવી જાતનું સરઘસ જાય
ભાતભાતના સૂરતાલમાં જાત જાતનાં ગીતો ગાય
સૌથી આગળ ચકલી ચાલે.. ગાતી ચીં ચીં ચીં
કલબલ કરતાં કાબરબેન,
પાછળ બતકબાઇ કરતા કીં કીં કીં
મે આવ મે આવ કરતો મોર બોલતો
કા કા કરતા કાગડાભાઇ ..
મ્યાઉં મ્યાઉં બિલાડી ગાતી
કૂકડે કૂક કૂકડાભાઇ કરતા
હી હી કરતો ઘોડો ગાતો
હૂપ હૂપ કરતા વાંદરાભાઇ
ચૂં ચૂં કરતો ઉંદર ગાતો
બેં બેં કરતી બકરી ગાતી
કૂ ઉ કૂ ઉ કરતી કોયલ ગાતી
હાઉ હાઉ કરતા કૂતરાભાઇ
ચાલો...







# પક્ષી ગીત



## પંખી નાનું થાવું ગમે

પંખી નાનું થાવું ગમે
ઊંચે ઊંચે ઊડવું ગમે
ઘરમાં ના પૂરાવું ગમે.. પંખી...
ઝરમર મેહુલો થાવું ગમે,
ઊભા ઊભા નાહવું ગમે,
છત્રી લઇને ફરવું ગમે,
ઉંદર બિલ્લી રમવું ગમે,
ચૂં ચૂં મ્યાંઉ મ્યાંઉ કરવું ગમે,
બિલ્લી ભાળી ભાગવું ગમે,
ઘરમાં ના પૂરાવું ગમે.. પંખી...
સાત તાળી રમવું ગમે,
ક્યાં છો અહીં છો ગોતવું ગમે,
સંતાઇ જવાની મજા પડે
ઘરમાં ના પૂરાવું ગમે.. પંખી...



## મારા ઘરને આંગણ ગોખલો

મારા ઘરને આંગણ ગોખલો
એ ગોખલામાં બેસી ચકલી ચીં ચીં કરતી
મારા ઘરને પછવાડે વાડો
એમાં ભર્યો મેં ઘાસનો ભારો (૨)
દૂર દૂર દૂર દૂર ઉડતાં ઉડતાં
સળી સળી લઇ ભેગી કરતા
એનો બાંધ્યો મેં માળો
ઇંડાં મૂક્યાં નાનાં નાનાં
ચકલી સેવે છાનામાનાં
ઇંડાં ફોડી બચ્ચાં ચાર
ચકચક કરતાં નીકળ્યાં બાર (૨)
ચકલી ચણ ચણ ચણવાને જાય
બચ્ચાં ચાંચમાં લઇને ખાય
આવે પાંખ ને ઊડી જાય
મારા ઘરને આંગણ ગોખલો...



## હંસલા ક્યાં ચાલ્યા




મોટી પાંખો વાળા રે (૨) હંસલા ક્યાં ચાલ્યા
સરોવરિયાની પાળે રે અમે મોતી ચણવા ચાલ્યા
લાંબી ડોક વાળા રે (૨) બગલા ક્યાં ચાલ્યા
ઝુમઝૂમ નદીઓ નાચે રે અમે નદીએ નાહવા ચાલ્યા
મોટી આંખો વાળા રે (૨) હરણાં ક્યાં ચાલ્યા
વનવગડાની વાટે રે અમે ચારો ચરવાં ચાલ્યા
મોટી સૂંઢવાળા રે (૨) હાથીઓ ક્યાં ચાલ્યા
રણ શરણાઇઓ વાગે રે અમે લડાઇ કરવા ચાલ્યા
મોટી માળાવાળા રે (૨) જોગીડા ક્યાં ચાલ્યા
ભેખડોની ધારે રે અમે રામ ભજવા ચાલ્યા



## પંખી પારેવડા ઉતર્યા જી રે

ભીમજીભાઇના નાના ખેતરમાં
પંખી પારેવડાં ઉતર્યાં જી રે (૨)
પીંછે રળિયામણા રંગીલા મોરભાઇ
કૂદાકૂદ કરતા આવ્યા જી રે.. પંખી...
પીયુ પોપટભાઇ ઘૂ... ઘૂ.. કબૂતર
મેના પોપટ સંગ આવ્યાં જી રે... પંખી...
બાજરી જુવારનાં ડૂંડાં દેખીને
હોંશે હોંશે હરખાયા જી રે .. પંખી...
કોયલને કાબર કાળુડા કાગડાભાઇ
બાજરીનાં ડૂંડાં મેના પોપટ ખાતા જી રે પંખી..
જુવારનાં ડૂંડાં રંગીલા મોરભાઇ ખાતા જી રે.. પંખી...
ભીમજીભાઇ તો આવ્યા ખેતરમાં
પટ પટ પંખીડાં ઉડયાં જી રે... પંખી...







Scanned by CamScanner



# પક્ષી ગીત

## ભણવાને આવે છે




બા ! મેં તો બાગમાં બાંધી નિશાળ
ભણવાને આવે છે, પંખીનાં બાળ..બા.
કા કા કરતો કાગડો રે આવે,
વાળી ઝૂડીને આસન જમાવે,
પાટી ને પેન લઈ, બેઠો તૈયાર ...બા.
કલબલ, કલબલ, કાબર આવે,
મોગરી લઈને ઘંટ બજાવે,
ચાલો રે દોસ્તો, વાગ્યા અગિયાર... બા.
પોપટ આવે ને, આવે રે મેના,
પૂંઠે રે આવે કોયલ બેના,
આવે રે મોર-ઢેલ, થનગનતી ચાલ... બા.
ચીં ચીં કરતી આવી રે ચકલી,
તેતર આવ્યું, લઈને તકતી,
કૂકડો રે આવે ગાતો ગાન ... બા.
આવી બતક ને આવ્યાં રે બગલાં,
સસલાં આવ્યાં, પહેરી ડગલા,
સારસ આવ્યાં, જુઓ શરમાળ... બા.
વાગે મૃદંગ ને વાગે છે ખંજરી,
પોપટ વગાડે, મીઠી રે બંસરી,
નાચે કોયલડી, ઠમકતી ચાલ... બા.
ભેળાં મળીને સૌ કરે ઉજાણી,
હરખાયે ઝાડ-પાન, ઝરણાં પાણી,
દેતાં આશિષ, થાઓ સૌનું કલ્યાણ... બા.



## તળાવની પાળે

તળાવની પાળે, લીંબડાની ડાળે,
બેઠાં ચકો-ચકી,વાતો કરતાં માળે.
તળાવની પાળે, આંબાની ડાળે,
ગાતી કોયલડી, રાગે રૂપાળી.
તળાવની પાળે, વડલાની ડાળે.
બેસી કાબરબેન , સહુને નિહાળે.
તળાવની પાળે, જાંબુડાની ડાળે,
ખાઈ વાંદરાભાઈ, ઠળિયા ઉછાળે.
તળાવની પાળે, પીપળની ડાળે,
પોપટ, મેનાને , હીંચતી નિહાળે.





## બાગમાં બાંધી નિશાળ



બા મેં તો બાગમાં બાંધી નિશાળ
ભણવાને આવે છે, ચકલીઓ ચાર..બા..
નાની ખિસકોલી, ભણવામાં પહેલી,
આવે છે છબીલી, સૌથી એ વહેલી,
જરા ના બોલે, એ સૌથી શરમાળ..બા..
વચમાં ને વચમાં હું પોપટ બેસાડું
વટમાં ને વટમાં હું સીટી વગાડું,
સીટી વગાડું ને લાગે ના વાર...બા ....
કલબલિયણ કાબર ને છેલ્લી હું કાઢું,
કચ કચ કરે તો એને આંખો દેખાડું,
ખોટી રીતે હું એને મારું ના માર..બા.





## છે પંખીની ભોળી જાત

રોજ સવારે વહેલો ઊઠી
સાવરણાથી વાળું છું,
બા પાસેથી દાણા લઈને
ચોખ્ખા ચોકે નાખું છું
ઉડતાં ઉડતાં આવે રોજ
ચકલી,મેના,પોપટ,મોર
ચણ ચણ દાણા ચણતાં જાય,
સંપીને સૌ ખાતાં જાય.
બોલે બોલી સૌ કોઈ સાથ,
સમજી એક બીજાની વાત.
આખો દિવસ ઉડતાં સૌ,
રાતે માળે મળતાં સૌ
સુખ દુઃખની એ કરતાં વાત,
છે પંખીની ભોળી જાત.





# પક્ષી ગીત







## દાદાની વાડીમાં મોરલો

દાદાની વાડીમાં આવીને મોરલો
થનગન થનગન નાચ્યા કરે
હું રે જોતો ને મારી બેની જોતી'તી
કેવી મજા ત્યાં આવ્યા કરે
દાદા...

દાદાની વાડીમાં આવ્યા પતંગિયાં
રંગની છોળો ઊડયા કરે
હું રે જોતો ને મારી બેની જોતી'તી
કેવી મજા ત્યાં આવ્યા કરે
દાદા...

દાદાની વાડીએ વડલાની ડાળે
હિંચકો એક મેં બાંધ્યો જી રે
હું એ હીંચું મારી બેની હિંચોળે
કેવી મજા ત્યાં આવ્યા કરે
દાદા...

## મોરલા મજા પડે

મારી વાડીમાં રમવા આવ, મોરલા મજા પડે !
સાથે બાળ બચ્ચાંને તું લાવ, મોરલા મજા પડે !
મીઠાં મીઠાં ફળ બહુ થાય, મોરલા મજા પડે !
તારાં બચ્ચાં ફળ બહુ ખાય, મોરલા મજા પડે !
ઊંચા ઊંચા ઝાડ છે, મોરલા મજા પડે !
એની આજુ બાજુ પહાડ છે, મોરલા મજા પડે !
થનક થનક નાચ તું, મોરલા મજા પડે !
મન તારી સંગે નાચતું, મોરલા મજા પડે !
તારો ટહૂકો સંભળાવ બધે, મોરલા મજા પડે !
મારી વાડીનાં ભાગ્ય વધે, મોરલા મજા પડે !
તારી પીંછી પ્રભુને ગમે, મોરલા મજા પડે !
મારી વાડીમાં તું બહુ રમે, મોરલા મજા પડે !

## મોરલા રે આવી જાજે હો

મોરલા રે આવી જાજે હો,
આંગણ અમારાં ગજાવી જાજે હો
મોરલા રે...

વાળી ચોળીને રૂડો ચોક મેં સમાર્યો,
પગલાં તે સુંદર પાડી જાજે હો
મોરલા રે...

લીલી પેલી ચંપાની કુંજમાં,
રંગીલું નૃત્ય શીખવી જાજે હો
મોરલા રે...

ગાજે મેહુલિયો ને ચમકે વીજલડી,
મીઠો તે ટહૂકો સુણાવી જાજે હો
મોરલા રે...


કાળી કાળી વાદળીમાં ટપ ટપ ટપકે,
હૈયાં અમારાં ભીંજવી જાજે હો
મોરલા રે...

## મોરલો કેવો રૂપાળો

કેવો રૂપાળો દેખાય, મોરલો કેવો રૂપાળો
પાંખ વતી ઊડતો ને આભમાંથી આવતો
ઝટ ઝટ ચણવા જાય
મોરલો...

ભૂરી ભૂરી ડોક ને પંચરંગી પીંછડાં
માથાની કલગી સોહાય
મોરલો...

થનગન નાચતો ને મોર કળા પૂરતો
ઝાલું પણ તે ન ઝલાય
મોરલો...





Scanned by CamScanner



# પક્ષી ગીત



## નાચંતા મોરલાને કહી દો

ઓલ્યા નાચંતા મોરલાને કહી દો (૨)
અમે નાચવાને તારી સંગે આવશું
હો.. અમે નાચવાને તારી સંગે આવશું
હો..અમે .... ઓલ્યા...
દે જે અમ કંઠે ટહૂકાર જરા તારો
જીવન શણગારવાને દેજે સંગ તારો
ઓલ્યા થનગનતા (૨) મોરલાને કહી દો
ઓલ્યા બાગ તણાં ફૂલડાને કહી દો (૨)
અમે હસવાને તારી સંગે આવશું
હો..અમે .... ઓલ્યા...
સૌને સત્કારવાનો દેજે સ્વભાવ તું
જીવન મહેકાવવાને દેજે સુવાસ તું
ઓલ્યા ઝૂલતાં ફૂલડાંને કહી દો (૨)
અમે ઝૂલવા તારી સંગે આવશું
ઓલ્યા આભલાનાં ચાંદલિયાને કહી દો
અમે ગગને વિહરવાને આવશું
હો..અમે .... ઓલ્યા...
શીતળતા ભરજે તું જીવન અમારે
સુખ-દુઃખમાં રહેવાનું શીખવું અમારે
ઓલ્યા ચમકતા ચાંદલાને કહી દો
અમે ચાંદનીને ચૂમવા આવશું
હો..અમે .... ઓલ્યા...

## નાચો મારા મોરલા

નાચો મારા મોરલા (૨) છમ છમા છમ છમ (૨)
સોનેરી કલગી (૨) મીઠું મીઠું મલકી (૨)
રંગબેરંગી પીંછાં મારા ભૂરા ભૂરા અંગ છે
આભે ચડયાં વાદળાં, મોરે કીધી કળા
ટેહૂક..... ટે.... હૂક..... ટે........ હૂક.. નાચો..




## મોરલો આવે સવારમાં

નિત્ય નિત્ય મોરલો આવે સવારમાં
મારો ગંગારામ આવે સવારમાં (૨)
ધીમેથી આવતો ને પીંછા હલાવતો (૨)
મે આવ બોલતો ને આનંદે ડોલતો
નિત્ય....
ચણતો ને ચાલતો, પગલીઓ પાડતો (૨)
આવે મલકતો ને તાતા થૈ નાચતો
નિત્ય....
આવજે ઓ મોરલા ઢેલડને લાવજે
બાળકો રિઝાવજે ને સંગીત સંભળાવજે
નિત્ય....

## આંગણામાં મોરલિયો આવ્યો

મારાં તે આંગણામાં મોરલિયો આવ્યો
આંગણું સોહામણું કીધું જીરે (૨)
ચકલી પોપટ ને મેના પણ આવી
કાગડા કબૂતર આવ્યાં જીરે
મારાં તે...
ધાન મૂઠી નાખું ને ભેગાં સૌ થાય
મેળો પંખીડાંનો જામે જીરે
કાગડાનું કાકા ને ચકલીનું ચીં-ચીં
મોરલાનો ટહુકાર થાતો જીરે
મારાં તે...
નાનકડી જહાનવી ઊઠી પરોઢમાં
પંખીનાં ગાન પાન સાંભળે જીરે
મારાં તે...
મૂઠી ભરીને ચણ ભઈલો તે લાવે
ચણવાને દોડી દોડી આવે જીરે
મારાં તે...







Scanned by CamScanner



# પક્ષી ગીત






## મારો છે મોર



મારો છે મોર, મારો છે મોર,
મોતી ચરંતો, મારો છે મોર,
મારી છે ઢેલ, મારી છે ઢેલ.
મોતી ચરંતી, મારી છે ઢેલ,
મારો છે મોર, મારો છે મોર,
માળામાં બેસનાર, મારો છે મોર,
મારી છે ઢેલ, મારી છે ઢેલ.
ડાળી પર બેસનારી, મારી છે ઢેલ,
મારો છે મોર, મારો છે મોર,
રાજાનો માનીતો મારો છે મોર,
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
રાણીની માનીતી મારી છે ઢેલ,
બોલે છે મોર, બોલે છે મોર,
સોનાને ટોડલે, બોલે છે મોર,
બોલે છે ઢેલ, બોલે છે ઢેલ,
રૂપાને બારણે, બોલે છે ઢેલ.

## આંગણામાં નાચે મોર



હો મારા આંગણામાં,
નાચે મોર,
મોરને પૂછે ઢેલ,
ઢેલને પૂછે મોર,
કોણ આવ્યો'તો ચોર ?
નામ શું એનું ? કામ શું એનું ?
કયાંનો એ રહેવાસી ?
છેલ છોગાળી, પાઘડી પહેરી,
હાથમાં એના મોરલી શોભે.
એ તો આવ્યો'તો નંદનો કિશોર, માખણચોર !
કોણ આવ્યો'તો ચોર ?
હે... એની કાયા છે પાતળી,
પ્હેરી પીળી પીતાંબરી,
પગમાં છે ઝાંઝરી
હોઠ ઉપર વાંસળી,
એને કહેતા સૌ નટખટ નઠોર, માખણચોર.
કોણ આવ્યો'તો ચોર ?

## આંબલી ડાળે



કોયલ ટહૂકે સંધ્યા કાળે,
બેસી આંબલીઆની ડાળે.
સુંદર સરોવરીઆની પાળે,
ગાતી ગીતો આંબા ડાળે.
તું તો ટહૂકે તાલે તાલે,
બેસી આંબલીઆની ડાળે.
મીઠી સરગમ તું સુણાવે,
દિલમાં થનગન નાચ નચાવે
પંખી વનનાં તું જગાવે,
બેસી આંબલીઆની ડાળે.
કોયલ કાળી તું કહેવાય,
પણ તું જરી ના ખિજવાય.
ગાયે ગીત મધુરાં શાને,
બેસી આંબલીઆની ડાળી.

## કોયલ કૂ કૂ ગાય

કોયલ કૂ કૂ ગાય
મને ગાવાનું મન થાય
ગાવાનું હું શરૂ કરું ત્યાં પપ્પા મારા ખિજાય
ઉડતું પતંગિયું જોઇ, મને ઉડવાનું મન થાય
ઊંચા હાથ કરી ઊંડુ ત્યાં નીચે પડી જવાય
ચકલી ચણ ચણ ખાય
મને ખાવાનું મન થાય
ખાવાનું હું શરૂ કરૂ ત્યાં મમ્મી મારા ખિજાય.



Scanned by CamScanner



# પક્ષી ગીત



## એક મજાનો માળો

એક મજાનો માળો, એમાં દશ ચકલીઓ રહેતી' તી
ચકલી ચીં..ચીં..ચીં...
પેલી ચકી ચોખા ખાંડે, બીજી મગડા ભરડે (૨)
ત્રીજી બેઠી કરે તડાકા ચોથી ચોખા ચાળે (૨)
પાંચમી ઓરે ખીચડી ને, છઠ્ઠી છમ છમ નાચે (૨)
સાતમી શાક સુધારે આઠમી હજુયે ઊંઘે (૨)
નવમી નીર ભરી લાવે ને, દશમી દમ ભીડાવે (૨)
કહો ખીચડી થઇ ગઇ છે ? કોણ રમે કોણ જમે?
કામ કરે એ જમતી રહે બાકી બધી રમતી રહે
હો.. હો.. હો..ચકલી ચીં..ચીં..ચીં...

## એક હતો ચકો

એક હતો ચકો ને એક હતી ચકી
બન્ને જણે ફરવાનું કરી લીધું નક્કી
લીધી એક સાયકલ ને કરી ડબલ સવારી
આગળ બેઠો નર ને પાછળ બેઠી નારી
ચકાએ પહેર્યું સુટ ને ચકીએ પહેરી સાડી
દૂર દૂર ફરતાં ફરતાં આવી એક વાડી
પીળા પીળાં પોપૈયા લાલ લાલ ચેરી
ખાધી ખૂબ ખૂબ હવા મીઠી તાજી તાજી
ચાલ ચકા મોડું થયું, ખીચડી ક્યારે કરશું ?
ક્યારની કહેતી નથી, પાણી ક્યારે ભરશું કેમ

## ચકીબેન ચકીબેન

ચકીબેન ચકીબેન મારી સાથે રમવા
આવશો કે નહીં આવશો કે નહીં ?
બેસવાને પાટલો, સૂવાને ખાટલો (૨)
પીંછાની ઓઢણી આપીશ તને (૨)
પહેરવાને સાડી મોરપીંછ વાળી (૨)
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને (૨)
ચક ચક કરજો ચીં ચીં કરજો (૨)
ચણવાને દાણા આપીશ તને (૨)
બા નહીં બોલે, બાપુ નહીં બોલે
નાનો બાબો તો ઊંઘી ગયો (૨)
ચકીબેન...

## એક ચકલો ને ચકલી આવે

એક ચકલો ને ચકલી આવે, કરવા ઘરમાં માળો
ચક ચક કરતાં ફરર કરતાં, પજવે આખો દહાડો
ઘાસ તણખલાં લાવે ક્યાં ક્યાંથી
વાળી વાળી હું તો થાકી, કહો પછી શું કરશું?
મમ્મી કહે એને મારો, પપ્પા કહે એને ભગાડો
ચરકી ચરકી કરતાં, ઘર આખામાં ઘણો બગાડો
કાઢી મૂકો ચકલાને તો ચકી ઝૂરી મરશે
પાંખ વિનાનાં બચ્ચાં નાનાં, કહો પછી શું કરશે ?





Scanned by CamScanner



# પક્ષી ગીત



## એક હતી ચકી

એક હતી ચકી ને એક ચકારાણા
દિવસ ગુજારે થઇને ખૂબ શાણાં
એક દિવસની વાત છે ભાઇ
ચકીબેન રીસાણાં ભાઇ
ચકી કહે ચકાને તું જા જા જા..
ખાઉં નહિં પીઉ નહિ
તારી સાથે બોલું નહિ
તારી સાથે કિટા
ઊંચે ઊંચે આભલામાં ઉડી ઉડી જાઉં
એક.....

ચકીબેન રીસાણાં, મનાવે ચકારાણા
ફળ લાવે, ફૂલ લાવે, લાવે મોતી દાણા
ચકાનું મન જાણી, મલકે ચકી રાણી
જીવન માંહી એમ એને ગાય મીઠાં ગાણાં
એક.....

## મને દેને !!

હું રે માગુ ઓ રંગીલા મોરલા,
સોનેરી ચાંચ મને દે ને !
હું રે માગુ ઓ રૂડાં પતંગિયાં,
રંગેલી પાંખ મને દે ને !
હું રે માગુ ઓ ધોળાં ધોળાં પારેવાં,
રાંતેરી આંખ મને દે ને !
હું રે માગુ ઓ કાળી કાયલડી,
મીઠડો કંઠ મને દેને !
હું રે માગુ ઓ ગોરી ગાવલડી,
મીઠું મીઠું દૂધ મને દે ને !
હું રે માગુ ઓ અષાઢી મેહુલા,
મેઘધનુષ્ય રંગ મને દે ને !

## પંખીઓને ઓળખીએ



કાળો ને કદરૂપો ને લુચ્ચી જેની જાત છે,
કા કા બોલે, બોલો કોની આ વાત છે ?
એ તો કાગડાભાઇ છે, કાગડાભાઇ છે ...
કલબલ કલબલ કરતી, ને ઝાડે ઝાડે ફરતી,
સૌની નકલ કરતી, બોલો કોની આ વાત છે ?
એ તો કાબરબાઇ છે, એ તો કાબરબાઇ છે...



રંગે છે લીલો ને વાંકી લાલ ચાંચ છે,
ગળે કાળો કાંઠલો બોલે સીતા રામ
બોલો કોની આ વાત છે ?
એ તો પોપટભાઇ છે, એ તો પોપટભાઇ છે...




સૌ પંખીમાં ભોળું, ને ટોળામાં ફરનારું,
કોઇ કાળું ધોળું, શાંતિને ચાહનારું
બોલો કોની આ વાત છે ?
એ તો કબૂતર છે, એ તો કબૂતર છે...
રંગ ભૂરો, પીંછાં ઝાઝાં, માથે રાખે કલગી,
આંગણે આવી નૃત્ય કરે, એવી એની હસ્તી
બોલો કોની આ વાત છે ?
એ તો મોરભાઇ છે, એ તો મોરભાઇ છે....



શેરીમાં ઘૂમે છે, ને પરાઢિયે બોલે છે,
કૂકડે કૂક બોલે, બોલો કોની આ વાત છે ?
એ તો કૂકડાભાઇ છે, એ તો કૂકડાભાઇ છે...
રંગે છે કાળી, ને પંચમ સૂરે ગાય છે,
કૂહૂ કૂહૂ બોલે, બોલો કોની આ વાત છે ?
એ તો કોયલબાઇ છે એ કોયલબાઇ છે....
ખૂબ ઝડપથી ઊડે, ને ઝપટ જેની ભારે,
ઊડી ઊડી બોલે, બોલો કોની આ વાત છે ?
એ તો સમળીબાઇ છે, એ તો સમળીબાઇ છે....









Scanned by CamScanner